# Metaની સેવાઓ અને ટૂલ કેવી રીતે વયાનુસાર ઉપયુક્ત અનુભવોને સપોર્ટ કરે છે

Meta ખાતે, અમે સીધા જ અમારી ટેક્નોલોજીમાં પ્રાઇવસી અને સલામતીનું નિર્માણ કરીએ છીએ. અમે અમારા અભિગમનો પાયો સંશોધન, માતા-પિતા, તરુણ/તરુણીઓ, નિષ્ણાતો પાસેથી મળતા સીધા પ્રતિસાદ, UN બાળકોના અધિકારોનાં સિદ્ધાંતો અને વૈશ્વિક નિયમનમાં રાખીએ છીએ.

અમે, માતા-પિતા અને વાલીઓ માટે તેમના તરુણ/તરુણીઓનાં ઓનલાઇન જીવન પર નજર રાખવાનું વધુ સરળ બનાવવા માટે કાયદાના ઘડવૈયાઓ અને ઉદ્યોગના નિષ્ણાતોની સાથે કામ કરવામાં સક્રિય રહ્યા છીએ. અમે માતા-પિતાને લગતી મંજૂરી, માતા-પિતાને લગતા નિયંત્રણો, ઉંમરની ખાતરી અને વયાનુસાર ઉપયુક્ત કન્ટેન્ટ જેવાં ક્ષેત્રોમાં વળગી રહેવા માટે બધી ઍપ માટે જે સ્ટાન્ડર્ડ બનાવે છે તે ફેડરલ કાયદાને સપોર્ટ કરીએ છીએ, જે માતા-પિતાને સશક્ત બનાવશે અને યુઝરની પ્રાઇવસીને સાચવશે. અમારી યુવા લોકોની પોલિસીના સિદ્ધાંતો વિશે વધુ વાંચો.

અહીં એવાં સંસાધનો અને ટૂલ આપ્યાં છે કે જે અમે એ સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે ડેવલપ કર્યાં છે કે તરુણ/તરુણીઓ અને યુવા લોકો, તેમનાં માટે મહત્ત્વપૂર્ણ હોય તેવાં લોકો સાથે સમય પસાર કરતી વખતે અને તેમની રુચિઓ તથા તેઓ કોણ છે તે બાબતને એક્સપ્લોર કરતી વખતે એક સુરક્ષિત, વયાનુસાર ઉપયુક્ત અનુભવનો આનંદ માણે.

## માતા-પિતા દ્વારા થતી દેખરેખ

### ફેમિલી સેન્ટર

અમે સમગ્ર Meta ટેક્નોલોજીમાં દેખરેખ સંબંધી ટૂલને એક્સેસ કરવાં માટે એક કેન્દ્રીય જગ્યાને તેમજ યુવા લોકો અને સલામતી, પ્રાઇવસી અને સુખાકારીના અગ્રણી નિષ્ણાતો તરફથી માતા-પિતા અને વાલીઓ માટેનાં શૈક્ષણિક સંસાધનોને લોન્ચ કર્યાં છે. એકવાર માતા-પિતા અને તરુણ/તરુણી દેખરેખને સેટ અપ કરવા માટે પરસ્પર સંમત થાય, તે પછી માતા-પિતા Facebook, Messenger, Instagram પર અને VRમાં તેમના તરુણ/તરુણીના અનુભવની દેખરેખ રાખવામાં મદદ કરી શકે છે.

### દેખરેખ સંબંધી ટૂલ

આ ટૂલ માતા-પિતા અને વાલીઓને સમગ્ર Meta ટેક્નોલોજી પર તેમના તરુણ/તરુણીના સમયનું નિરીક્ષણ કરવાની અને તેને સંચાલિત કરવાની, તેમના ફોલોઇંગ તથા ફોલોઅરનાં લિસ્ટને જોવાની, તેમના તરુણ/તરુણીની તેમનાં ડિફોલ્ટ સલામતી અને પ્રાઇવસી સેટિંગને બદલવા માટેની વિનંતીઓને મંજૂર કરવા અથવા નકારવાની, તેમના તરુણ/તરુણી જેને શેર કરવાનું પસંદ કરે તેવા ફાઇલ કરવામાં આવેલા રિપોર્ટ વિશે જાણકારી મેળવવાની અને વધુ કરવાની મંજૂરી આપે છે. Meta Quest ડિવાઇસ પર, માતા-પિતા અને વાલીઓ VRમાં પસાર કરવામાં આવેલા સમયને જોઈ શકે છે, ખરીદીઓ અને ડાઉનલોડ વિશેનાં નોટિફિકેશન મેળવી શકે છે, તથા ઍપ અને સોશિયલ સુવિધાઓને બ્લોક પણ કરી શકે છે. માતા-પિતા Meta Horizon Worlds માતા-પિતા દ્વારા થતી દેખરેખ (જે હાલમાં US અને કેનેડામાં ઉપલબ્ધ છે)ને પણ સેટ અપ કરી શકે છે તથા અન્ય નિયંત્રણોની સાથે તેમના તરુણ/તરુણીનાં વિવિધ સેટિંગને જોઈ શકે અને એડ્જસ્ટ કરી શકે છે.

## તરુણ/તરુણીઓ માટે સલામતીનાં પગલાં

### મેસેજિંગ સંબંધી પ્રતિબંધો

અમે 19 વર્ષથી વધુ ઉંમરના એવા વયસ્કોના અનિચ્છિત સંપર્કને પ્રતિબંધિત કરીએ છીએ કે જેમને તરુણ/તરુણીઓ ફોલો કરતા નથી અથવા જેઓ ડિફોલ્ટ રીતે Facebook અને Instagram પર તેમના સંપર્કોમાં નથી.

### કન્ટેન્ટ સંબંધી નિયંત્રણો અને પોલિસી

અમારું 'સંવેદનશીલ કન્ટેન્ટ સંબંધી નિયંત્રણ' યુઝરને શોધ, એક્સપ્લોર, હેશટેગ પેજ, Reels, ફીડની ભલામણો અને સૂચવેલાં એકાઉન્ટમાં કેટલાં પ્રમાણમાં સંવેદનશીલ કન્ટેન્ટ અથવા એકાઉન્ટ દેખાય તેનું નિયંત્રણ આપે છે. હવે, ડિફોલ્ટ રીતે, બધાં તરુણ/તરુણીઓને સૌથી વધુ પ્રતિબંધિત સેટિંગ 'ઓછું' મળશે, જેથી એવા કન્ટેન્ટને મર્યાદિત કરી શકાય કે જે કદાચ વયાનુસાર ઉપયુક્ત ન હોય. અમે Facebook અને Instagram પર અમુક સંવેદનશીલ કન્ટેન્ટને પણ છુપાવીશું, પછી ભલેને તે મિત્રો અથવા તેઓ જેમને ફોલો કરે છે તે લોકો દ્વારા શેર કરવામાં આવ્યું હોય.

### અમારી પોલિસી અને ગાઇડલાઇન

અમે અમારાં કોમ્યુનિટી સ્ટાન્ડર્ડ અને કોમ્યુનિટી ગાઇડલાઇનને અનુરૂપ રહીને એવા કન્ટેન્ટને દૂર કરીએ છીએ કે જે અમારી પોલિસીનું ઉલ્લંઘન કરતું હોય, તથા અમે તરુણ/તરુણીઓ માટે એવાં એકાઉન્ટ અને કન્ટેન્ટને શોધવાનું વધુ મુશ્કેલ બનાવીએ છીએ કે જે અમારી ભલામણ ગાઇડલાઇનની વિરુદ્ધ જતાં હોય.

## ઉંમરની ખાતરી અને શોધખોળ

### ઉંમરની ખાતરી સંબંધી ટૂલ

અમારાં ઉંમરની ખાતરી સંબંધી ટૂલ, જે સુગમ અને પ્રાઇવસીને સાચવી રાખનારાં છે, તેનાથી અમને Instagram પર લોકોને વયાનુસાર ઉપયુક્ત અનુભવો પૂરા પાડવામાં મદદ મળે છે.

### કોઈ વ્યક્તિ વયસ્ક છે કે તરુણ/તરુણી તે શોધવા AIનો ઉપયોગ કરવો

AIથી અમને કોઈ વ્યક્તિની ઉંમરને વધુ સારી રીતે સમજવામાં મદદ મળે છે અને તેનો ઉપયોગ એ વાતની ખાતરી કરવામાં મદદ માટે થાય છે કે તરુણ/તરુણીઓને વયાનુસાર ઉપયુક્ત અનુભવો પૂરા પાડવામાં આવે. આમાં તરુણ/તરુણીઓને Facebook ડેટિંગને એક્સેસ કરવાથી અથવા અજાણ્યા વયસ્કો પાસેથી મેસેજ મેળવવાથી પ્રતિબંધિત કરવાનો સમાવેશ થાય છે.

© 2024 Meta

## પ્રાઇવસી

### ડિફૉલ્ટ રીતે તરુણ/તરુણીઓ માટેનાં પ્રાઇવસી સેટિંગ

જ્યારે તેઓ સૌથી પહેલી વાર Facebook અને Instagram પર જોડાય છે, ત્યારે 16 વર્ષ અને તેથી ઓછી ઉંમરના (અથવા અમુક દેશોમાં 18 વર્ષની ઉંમરના) તરુણ/તરુણીઓને ડિફૉલ્ટ રૂપથી ખાનગી એકાઉન્ટમાં તથા અન્ય વધુ ખાનગી સેટિંગમાં રાખવામાં આવે છે.

### તરુણ/તરુણીઓના કન્ટેન્ટને ખાનગી રાખવું

અમે જ્યારે તરુણ/તરુણીઓ સૌથી પહેલી વાર Instagram પર જોડાય છે ત્યારે ડિફૉલ્ટ રૂપથી લોકોની તેમને ફૉલો ન કરતા તરુણ/તરુણીઓને ટેગ કરવાની અથવા તેમનો ઉલ્લેખ કરવાની અથવા Reels પરનાં રીમિક્સમાં અથવા ગાઇડમાં તેમના કન્ટેન્ટને સામેલ કરવાની ક્ષમતાને બંધ કરી દઈએ છીએ.

### તરુણ/તરુણીઓ માટે પ્રાઇવસી અને પારદર્શિતાનાં સંસાધનો

અમારી પાસે સમગ્ર Facebook, Messenger, Instagram અને Meta Questમાં રહેલાં પ્રાઇવસી સેટિંગ, ડિફૉલ્ટ બાબતો અને સુવિધાઓ વિશે તરુણ/તરુણીઓ માટે વધુ માહિતી ધરાવતું ખાસ ફાળવેલું પ્રાઇવસી સંબંધી સંસાધનનું પેજ છે.

## તરુણ/તરુણીઓ માટેનાં ટૂલ

### એક બ્રેક લો

Facebook અને Instagram પર રહેલાં તરુણ/તરુણીઓ બ્રેક લેવાનાં રિમાઇન્ડરને ચાલુ કરી શકે છે, જે સોશિયલ મીડિયાથી થોડો સમય દૂર કેવી રીતે રહેવું તે અંગેની નિષ્ણાત દ્વારા સમર્થિત ટિપ્સ ફીચર કરે છે.

### શાંત મોડ

તરુણ/તરુણીઓ પાસે હવે શાંત મોડની મદદથી ધ્યાન કેન્દ્રિત કરવાની અને Instagram પર સ્વસ્થ સીમાઓ સેટ કરવાની વધુ રીતો છે, જે નોટિફિકેશનને મ્યૂટ કરે છે, ઍપને ડાર્ક મોડમાં મૂકે છે અને જો કોઈ વ્યક્તિ તમને મેસેજ મોકલે તો તેમને 'આપમેળે આપવાના જવાબો' મોકલે છે.

### વિષયોને સ્વિચ કરવા માટે નજ

તરુણ/તરુણીઓને Instagram પર નોટિફિકેશન મળે છે કે જે તેઓ એક્સપ્લોર પર કોઈ એક જ પ્રકારના કન્ટેન્ટને જોઈ રહ્યા હોય તો કોઈ અલગ વિષય પર સ્વિચ કરવા માટે તેમને પ્રોત્સાહિત કરે છે.

### પ્રતિબંધિત કરવું

તરુણ/તરુણીઓ 'પ્રતિબંધિત કરવું' વડે તેમનાં એકાઉન્ટને અનિચ્છિત ઇન્ટરેક્શનથી વધુ શાંત રીતે અથવા વધુ કુશાગ્ર રીતે સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે, જેથી કરીને તેમની પોસ્ટ પર રહેલી એવી કોઈ વ્યક્તિની કોમેન્ટ કે જેમને પ્રતિબંધિત કરવામાં આવી હોય, તે માત્ર તે વ્યક્તિને જ દેખાશે.

### લાઇકની સંખ્યાને છુપાવવી

લોકો પાસે ફીડમાં રહેલી બધી પોસ્ટ પર લાઇકની સંખ્યાને છુપાવવાનો વિકલ્પ રહેલો છે, જે શેર કરવામાં આવી રહેલી યાદો પર ધ્યાનને કેન્દ્રિત કરીને રાખે છે, નહીં કે લાઇકની સંખ્યા પર.

## વયાનુસાર ઉપયુક્ત જાહેરાતો

### તરુણ/તરુણીઓ માટે જાહેરાત ટાર્ગેટિંગના વિકલ્પોને મર્યાદિત કરવા

ઉંમર અને લોકેશન એ તરુણ/તરુણી વિશેની એકમાત્ર માહિતી હશે કે જેનો ઉપયોગ અમે તેમને જાહેરાતો બતાવવા માટે કરીશું.

### તરુણ/તરુણીઓને વધુ નિયંત્રણ આપવું

તરુણ/તરુણીઓ 'જાહેરાતના વિષય સંબંધી નિયંત્રણો' વડે Facebook અને Instagram પર તેમને દેખાતી જાહેરાતોના પ્રકારોનું સંચાલન કરી શકે છે.

### તરુણ/તરુણીઓ માટેના જાહેરાતના વિષયોને પ્રતિબંધિત કરવા

અમે દારૂ, નાણાકીય પ્રોડક્ટ અને વજન ઘટાડવાની પ્રોડક્ટ કે સેવાઓ જેવા પ્રતિબંધિત વિષયો વિશેની જાહેરાતોને 18 વર્ષથી ઓછી ઉંમરનાં (અથવા અમુક દેશોમાં તેથી વધુ ઉંમરનાં) લોકોને બતાવવામાં આવે તેને નિષિદ્ધ કરીએ છીએ.

## શિક્ષણ અને સંસાધનો

### ફેમિલી સેન્ટર

સમગ્ર Meta ટેક્નોલોજીમાં તમારા કુટુંબના અનુભવને સપોર્ટ કરવામાં મદદ મળી રહે તે માટે અમારા ફેમિલી સેન્ટરમાં વિશ્વસનીય નિષ્ણાતો અને સંસ્થાઓનાં સંસાધનો અને ટિપ્સનો સમાવેશ થાય છે. માતા-પિતા Instagramની માતા-પિતાની માર્ગદર્શિકા અને Meta Quest માતા-પિતા માટેના સંસાધનની મદદથી અમારાં ટૂલ કેવી રીતે કામ કરે છે તે વિશે પણ વધુ જાણી શકે છે.

### સુરક્ષા કેન્દ્ર

અમારું સુરક્ષા કેન્દ્ર સમગ્ર Meta ટેક્નોલોજીમાં સલામતી પ્રત્યેના અમારા અભિગમને સમજાવે છે, તે તરુણ/તરુણીઓ અને તેમના માતા-પિતા સહિત કોમ્યુનિટીનું રક્ષણ કરવા અને તેમને સશક્ત બનાવવામાં મદદ કરવા માટે અમે બનાવેલી પોલિસી, ટૂલ, પાર્ટનરશિપ અને સંસાધનોની રૂપરેખા આપે છે.

© 2024 Meta

Meta